રાજ્યમાં ૨૪ કલાકમાં કોરાનાનો કહેર યથાવત : નવા ૯૬૫ કેસ

અમદાવાદમાં નવા ૨૧૨ કેસ સામે આવ્યા : ૬૯ લોકો વેન્ટીલેટર પર : ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ લોકોના મૃત્યુ થતા મૃત્યુઆંક ૨૧૪૭ ઉપર પહોંચ્યો : ૮૭૭ લોકો ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૧૯

રાજયમાં સતત એક સપ્તાહથી કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ને પાર થઈ રહ્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૩૨૩ વ્યક્તિઓના કોરોનાનો ટેસ્ટ કરવામાં આવતાં ૯૬૫ વ્યક્તિઓના પોઝિટિવ રિર્પોટ આવ્યાં હતાં.આ સાથે રાજયમાં કુલ સંક્રમિતોનો આંકડો ૪૮ હજારને પાર થઈ ૪૮૪૪૧ થયો છે.રાજયમાં આજે ૨૦ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૧૪૭ થયો છે.રાજયમાં આજે ૮૭૭ દર્દીઓ સાજા થયા છે.આ સાથે અત્યાર સુધીમાં કુલ ૩૪૮૮૨ વ્યક્તિઓ ડિસ્ચાર્જ થયા છે.રાજયામાં આજની સ્થિતિએ ૧૧૪૧૨ એક્ટિવ કેસ છે.જેમાં ૬૯ વેન્ટિલેટર ઉપર અને ૧૧૩૪૩ સ્ટેબલ છે.રાજયમાં સતત કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે.દૈનિક કોરોનાના કેસો રોજના નવા રેર્કોડ સર કરી રહ્યું છે.રાજયમાં આરોગ્ય વિભાગે આપેલ યાદી મુજબ આજરોજ કોવિડ-૧૯ ના કારણે ૨૦ દર્દીઓના મોત થયા છે.જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૬, સુરત કોર્પોરેશનમાં ૬, અને સુરત ૩, દાહોદમાં ૨, ભાવનગર કોર્પોરેશન, ગીર સોમનાથ અને જામનગરમાં ૧-૧ મોત નોંધાવ્યાં હતાં.અમદાવાદ શહેરમાં આજે કોરોના પોઝિટિવનો આંકડો ૨૦૦ ને પાર થતા ૨૧૨ થયો હતો.આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૨૪ હજારને પાર થઈ ૨૪૧૭૬ થયો છે. અમદાવાદ શહેરમાં આજે વધુ ૬ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૧૫૪૩ થયો છે.સુરત શહેરમાં ૨૦૬ અને ગ્રામ્યમાં ૭૯ સાથે ૨૮૫ કોરોના પોઝિટિવના કેસ નોંધાયા હતાં.જ્યારે ૯ દર્દીના મૃત્યુ થયા હતાં.વડોદરા શહેરમાં ૬૭ અને ગ્રામ્યમાં ૧૨ સાથે ૭૯ દર્દીઓ કોરોનાના નોંધાયા છે.ગાંધીનગર શહેરમાં ૬ અને ગ્રામ્યમાં ૨૪ સાથે કોરોનાના ૩૦ પોઝિટિવ કેસ નોંધાયા છે.રાજયમાં અત્યાર સુધીમાં કુલ ૫,૩૬,૬૨૦ ટેસ્ટ કરવામાં આવ્યાં છે.રાજયના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૩,૯૬,૩૯૩ વ્યક્તિઓને ક્વોરનટાઇન કરવામાં આવ્યાં છે.જે પૈકી ૩,૯૪,૨૨૩ વ્યક્તિઓને હોમ ક્વોરનટાઇન છે અને ૨૧૫૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરનટાઇન રાખવામાં આવ્યાં છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૪૩૭૫	૧૫૪૮	૧૯૧૨૮
સુરત	૯૬૯૪	૨૬૪	૬૫૨૩
વડોદરા	૩૫૮૭	૫૫	૨૯૬૫
રાજકોટ	૯૮૨	૨૦	૪૦૯
ભાવનગર	૯૧૩	૧૮	૪૨૬
ગાંધીનગર	૧૦૮૧	૩૮	૭૪૧
કચ્છ	૩૨૮	૦૯	૧૯૮
મહેસાણા	૫૭૯	૧૪	૨૪૫
ગીર-સોમનાથ	૧૮૧	૦૨	૨૩
પોરબંદર	૩૧	૦૨	૨૩
પંચમહાલ	૩૦૩	૧૬	૨૧૬
પાટણ	૩૫૭	૨૦	૨૫૮
છોટાઉદેપુર	૯૯	૦૨	૬૬
જામનગર	૪૪૧	૧૦	૨૨૭
મોરબી	૧૩૭	૦૪	૬૭
સાબરકાંઠા	૩૧૭	૦૮	૧૯૬
આણંદ	૩૫૬	૧૩	૩૧૨
દાહોદ	૨૪૩	૦૪	૬૦
ભરૂચ	૫૮૯	૧૧	૩૩૯
બનાસકાંઠા	૪૪૭	૧૬	૩૪૬
ખેડા	૪૩૬	૧૪	૨૭૮
બોટાદ	૧૪૮	૦૩	૮૭
નર્મદા	૧૩૧	૦૦	૧૦૨
અરવલ્લી	૨૬૮	૨૪	૨૨૯
મહીસાગર	૨૧૨	૦૨	૧૪૩
નવસારી	૩૫૬	૦૪	૨૧૫
તાપી	૭૨	૦૦	૫૦
વલસાડ	૪૪૧	૦૫	૨૧૩
જૂનાગઢ	૫૫૩	૦૭	૩૫૮
સુરેન્દ્રનગર	૪૪૩	૦૮	૧૮૧
દેવભૂમિ દ્વારકા	૩૦	૦૩	૨૪
ડાંગ	૦૮	૦૦	૦૭
અમરેલી	૨૨૬	૦૯	૧૧૬
કુલ	**૪૮૪૪૧**	**૨૧૪૭**	**૩૪૮૮૨**

બનાસકાંઠામાં કોરોનાના વધુ ૪૨ પોઝિટિવ કેસ

પાલનપુર ૧૭, ડીસા ૭, દાંતા ૭, થરાદ ૧, વાવ ૨, વડગામ ૨, ભાભર ૧, અમીરગઢ ૫

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં રવિવારે વધુ ૪૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર ૧૭, ડીસા ૭, દાંતા ૭, થરાદ ૧, વાવ ૨, વડગામ ૨, ભાભર ૧, અમીરગઢ ૫ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫૩૧ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૨૦ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધતાં દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે રવિવારે વધુ ૪૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. પાલનપુર ૧૭, ડીસા ૭, દાંતા ૭, થરાદ ૧, વાવ ૨, વડગામ ૨, ભાભર ૧, અમીરગઢ ૫ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યામાં પાંચમી સદી નોધાઈ છે. અને કેસ ૫૩૧ પહોંચી ગયા છે. તેમજ મૃત્યુઆંક ૨૦ થવા પામ્યો છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીસ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુરના સોનબાગ, અંબિકાનગર, માળીવાસ, આત્રોલી ગામ, વડગામ તાલુકાનું ધનાલી, વાવના ટડાવમાં બે, દાંતાના નવાવાસ સહિત ડીસામાં કોરોનાના કેસ આવ્યા હતા. જયારે ડીસા તાલુકાના તાલુકાની નાની ઘરનાળ ગામે ૮૩ વર્ષનાવૃદ્ધને માથું , તાવ , જેવા લક્ષણો દેખાતા ડીસા ભણસાલીમાં રીપોર્ટ કરાવવામાં આવ્યો હતો. જેમનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા પાલનપુર કોવિડ ૧૯ મા વધુ સારવાર માટે ખસેડાયેલ હતા. જેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

જેમનો મૃતદેહ અંતિમ સંસ્કાર માટે સિદ્ધપુર લઈ જવામાં આવ્યો હતો. નાનકડા ગામમાં કોરોનાથી મોત નિપજતાં ગ્રામજનોમાં ફફડાટ પ્રસરી ગયો છે. જ્યારે આરોગ્ય વિભાગ દ્વારા ગામને કન્ટેઈમેન્ટ એરીયા જાહેર કરી લોકોને કામ વગર ઘરની બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે.

શરીરમાં ઓક્સિજનની ઘટ કોરોના માટેનું ગંભીર લક્ષણ

કોરોનાના મોટાભાગના દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ થાય છે ત્યારે તમારા શરીરમાં ઓક્સિજન ઘરમાં ચકાશો

અમદાવાદ, તા. ૧૯

માનવીનું જીવન ઓક્સિજન વિના શક્ય નથી. જો મગજ અને હૃદયને સતત ત્રણ મિનિટ સુધી ઓક્સિજન ન મળે તો માણસનું મૃત્યુ થવાની પણ શક્યતા રહેલી છે. શરીરમાં ઓક્સિજનની માત્રા જળવાઈ રહે તેની પૃષ્ટિ કરવી તે અત્યંત જરૂરી છે. કોરોનાની ગંભીરતા શરીરમાં ઘટતા ઓક્સિજનના પ્રમાણ સાથે વધી શકે છે તેવું તબીબી નિષ્ણાતોનું માનવું છે. ઘણા તબીબી નિષ્ણાતોએ ઓક્સિજનના પ્રમાણની સમયાંતરે ચકાસણી કરવા માટે સલાહ આપી છે. આ સંજોગોમાં SPO2 (સેચ્યુરેશન ઑફ પેરીફેરલ ઓક્સિજન) એટલે કે ડિજીટલ પલ્સ ઓક્સિમીટર (Oxymeter) દરેક ઘરમાં રાખવું હિતાવહ છે. આ જીંર નું મુખ્ય કાર્ય લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ કેટલા ટકા છે તે દર્શાવવાનું છે. સામાન્ય રીતે સ્વસ્થ વ્યક્તિમાં ૯૭ થી ૯૮ ટકા ઓક્સિજનનું પ્રમાણ જોવા મળે છે. પરંતુ દરેક વ્યક્તિમાં ઓક્સિજનના પ્રમાણમાં વધ-ઘટ થતી જોવા મળે છે. ધુમ્રપાન, હૃદય, કિડની અને ફેફસાં સાથે સંકળાયેલા રોગો ધરાવતા દર્દીઓમાં ઓક્સિજનનું પ્રમાણ સામાન્ય કરતા ઓછું પણ હોઈ શકે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના એનેસ્થેસિયા ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રોફેસર ડૉ. અનિષા ચોકસી જણાવે છે કે, કોવિડ૧૯ની મુખ્ય તકલીફ શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જવા સાથે સંકળાયેલી છે. આવી પરિસ્થિતિઓમાં સમયાંતરે માપન કરવું અતિઆવશ્યક છે. માપન દ્વારા મળતું ઓક્સિજનનું પરિણામ ગંભીરતા નક્કી કરે છે. વધુમાં તેઓ ઉમેરે છે કે, માઈલ્ડ અને મોડરેટ લક્ષણો ધરાવતા દર્દીઓને હોમ આઈસોલેશન રાખવામાં આવે છે. પલ્સ ઓક્સિમીટર તમારી પાસે હોય તો તેના થકી ઓક્સિજન સેચ્યુરેશન માપી શકો છો. સામાન્ય રીતે દિવસમાં એક-બે વાર ઓક્સિજન સેચ્યુરેશન માપવું જોઈએ જો તેનું પ્રમાણ ઓછું થાય તો તે ખતરાનું એલાર્મ દર્શાવે છે. જે વધારે માત્રામાં ઘટી જાય તો દર્દીને હોસ્પિટલમાં ખસેડવા જરૂરી બની રહે છે. પ્રાથમિક તબક્કે જ આવી ગંભીરતા ધરાવતા દર્દીઓને હોસ્પિટલાઈઝ કરવામાં આવે તો જલ્દી સારવાર મળવાથી સારા પરિણામો પ્રાપ્ત થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કમ્યુનિટી હેલ્થ સેન્ટર અને ધન્વંતરી રથમાં પલ્સ ઓક્સિમીટર મશીનની વ્યવસ્થા હોય છે. જો કોઈ વ્યક્તિને જરૂર જણાય તો તેનો પણ ઉપયોગ કરવો જોઈએ.

ઉર્જા સચિવ સુનયના તોમર ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ઓચિંતી મુલાકાતે

કોરોના સંદર્ભે ગાંધીનગર જિલ્લાના નોડલ અને ઉર્જા-પેટ્રોકેમિકલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતીસુનયના તોમરે આજે ગાંધીનગર જિલ્લાના સુઘડ અને ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

રાજયમાં નોવેલ કોરોના વાઈરસના (કોવિડ-૧૯) ના

સંક્રમણને નિયંત્રણ રાખી શકાય તે હેતુથી રાજય સરકારે દ્વારા વિવિધ નિવારાત્મક પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ સંદર્ભમાં ગાંધીનગર જિલ્લામાં નોવેલ કારોનો વાઈરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવામાંઆવેલા પગલાં અને કામગીરીનું સુપરવિઝન તેમજ અસરકારક અમલીકરણ થાય અને જિલ્લા વહીવટી તંત્રને જરૂરી માર્ગદર્શન પુરું પાડવા ગાંધીનગર જિલ્લાના નોડલ તરીકે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમરની નિમણૂંક કરી છે.

તદૂઅનુસાર શ્રીમતી સુનયના તોમરે આજે ગાંધીનગર જિલ્લાના સુઘડ અને ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની પ્રથમ મુલાકાત લઈને કોરોના સંદર્ભે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર શ્રી દિનેશ પટેલ અને આરોગ્ય કેન્દ્ર ઉવારસદના મેડિકલ ઓફિસર ડૉ. સુરોજીની ને પૃચ્છા કરીને જાત માહિતી મેળવી હતી.

શ્રીમતી સુનયના તોમરે કોરોના સંદર્ભે વસતીનું પ્રમાણ વધારે હોઈ સ્ટાફ વધારવા તેમજ સર્વેક્ષણ અને પરિક્ષણની કામગીરી સુદઢ અને સઘન બનાવવા ઉપસ્થિત જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનને સૂચનાઓ આપી હતી.

શ્રીમતી સુનયના તોમરે કોરોના એમેના સર્વેક્ષણ અને પરિક્ષણ સહિત સુવિધાઓની પણ જાણકારી મેળવી હતી. તેમણે સુઘડ ગામે પ્રાર્થનાથ સોસાયટીમાં આવેલા કોરોના પોઝિટિવ કેસના ૯૧૮ ઘરના કન્ટેન્ટમેન્ટ વિસ્તારની સ્થળ મુલાકાત લઈ ત્યાં ફરજ બજાવતી આરોગ્ય ટીમની મુલાકાત લીધી હતી. તેમજ ત્યાં દૂધ-શાકભાજી જેવી જરૂરી સેવાઓ ઉપલબ્ધ થાય છે કે કેમ તેનીપણ માહિતી મેળવી હતી.

ઉવારસદ પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર હેઠળ આવતા વિસ્તારમાં વસતી વધારે હોઈ આ વિસ્તારમાં સ્ટાફની સંખ્યા વધારવાની સૂચનાઓ આપી સર્વેક્ષણ અને પરિક્ષણની કામગીરી વધારે સઘન અને સુદ્રઢ બનાવવાની સૂચના આપી હતી.

મોડાસા શહેરમા માલપુર રોડ પર સાઈ મંદિર નજીક આવેલા સ્વાસ્થ્ય ક્લિનિકના ડૉક્ટર શિવાની ભાવસાર દ્વારા કોરોનાથી બચવા માટે દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન આયુર્વેદિક ઉકાળાનું નીઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. કોરોના મહામારીમા ડૉક્ટર શિવાની ભાવસાર દ્વારા દર રવિવારે મળી રહેલી નિઃશુલ્ક ઉકાળાની સેવાને શહેરીજનો બીરદાવી રહ્યા છે.

કોરોના વોરિયર્સ મેદાને... ● પાંચમાં પાનાનું ચાલુ

નિદાન કરતાં યોધ્ધાઓને ન્યાય આપો ગ્રેડ પે રૂ.૪૨૦૦ લેબ ટેકને અધિકાર આપો'ની માંગ સાથે ડીઝીટલ અંદોલન શરુ કર્યું છે, બીજીબાજુ રાજયમાં પોલીસ કોન્સ્ટેબલને ૧૮૦૦ રૂપિયાનો ગ્રેડ મળે છે અને હેડ કોન્સ્ટેબલને ૨૦૦૦ રૂપિયાનો ગ્રેડ મળે છે. આ ગ્રેડમાં વધારા માટે પોલીસ મેદાને છે. પોલીસ કર્મીઓએ સરકાર સામે ૨૮૦૦ ગ્રેડ પે આપવા માંગણી કરી 'અમે કોઈ એક પણ રજા લેતા નથી છતાં અન્યાય કેમ ? સહીત વિવિધ કામગીરીની પોસ્ટ સાથે ડિજિટલ આંદોલનો માર્ગ અપનાવ્યો છે સરકાર માટે હાલ તો ગ્રેડ પે ગળામાં હાડકું ફસાયું હોય તેવો ઘાટ સર્જાયો છે.

ગુજરાત સરકાર સામે બાંયો ચઢાવી છે. શિક્ષકોના ડિજિટલ આંદોલનની ભવ્ય સફળતા બાદ પોલીસ કર્મીઓએ પણ સોશિયલ મીડિયા માંગણી કરી રહ્યા છે જેમાં કોન્સ્ટેબલને ૨૮૦૦ રૂપિયા, હેડ કોન્સ્ટેબલને ૩૬૦૦ રૂપિયા અને એએસઆઈને ૨૪૦૦ રૂપિયા ગ્રેડ પે સામે ૪૪૦૦ રૂપિયાનો ગ્રેડ પે આપવામાં આવે. પોલીસ કર્મીઓના જણાવ્યા અનુસાર અમારી સમસ્યા અનેક છે પરંતુ તેમની સમસ્યા રજૂ કરવા માટે કોઈ યૂનિયન ન હોવાથી ભારે મૂંઝવણ ભરી સ્થિતિનો સામનો કરવો પડે છે.

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

તેમના હૃદયમાં પુરુષો પ્રત્યે ધિક્કારની લાગણી ઉત્પન્ન કરી, પણ ગાંધીજીના સંસ્કાર હો કે કુદરતી બક્ષિશ હો, ધિક્કાર કે તિરસ્કારના નકારાત્મક ભાવ કમળાબહેનના સ્વભાવને સહજ નથી. એટલે સમય જતાં પુરુષો પ્રત્યે ધિક્કારની લાગણી ઓગળી ગઈ અને રહી એમની રાક્ષસલીલાની ભોગ બનેલી સ્ત્રીઓ પ્રત્યે કરુણા. હિંદુ-મુસ્લિમ-શીખભેદના લેશમાત્ર સ્પર્શ વિનાની કમળાબહેનની એ કરુણા એક અત્યંત સંવેદનશીલ હૃદયનો શુદ્ધ માનવભાવ છે, અને તે વાચકના હૃદયને પણ નિર્મળ કરે છે.દેશના વાતાવરણને દૂષિત કરી રહેલા કોમી દ્વેષના ઝેરથી બચવા સર્વ કોઈ આ પુસ્તક વાંચે, એમાંથી એમને એ ઝેરનું ઉત્તમ મારણ મળી રહેશે.'' વર્તમાનમાં આ પુસ્તક જનસામાન્યને ઉપલબ્ધ નથી ત્યારે ચરોતરની આ વીરાંગનાના સૌને જકડી રાખે તેવા જાતઅનુભવોની વાત વાંચવા ઈચ્છુકોએ તો એમના પુસ્તકને જ વાંચવું પડે. એનો અંગ્રેજી અનુવાદ ઉમા રાંદેરિયાએ ''ટૉર્ન ફ્રોમ ધ રૂટ્સ'' શીર્ષક હેઠળ કર્યો છે અને તે છેક ૨૦૦૬માં પ્રકાશિત થયો છે. આપણા સમાજની કમનસીબી તો જુઓ કે કમળાબહેન લગભગ ભૂલાઈ ગયાં છે. એમનાં કેપ્ટન હતાં એ મૃદુલાબહેન સારાભાઈ એમના ભવ્ય યોગદાન છતાં કાશ્મીર મુદ્દે શેખ અબદુલ્લાના ટેકામાં રહ્યાં એટલે રાષ્ટ્રદ્રોહી લેખાયાં અને તિહાડ જેલમાં કેદ કરાયાં. છેલ્લે ૧૯૭૪માં મૃત્યુ પામ્યાં ત્યાં લગી અણુવિજ્ઞાની વિક્રમ સારાભાઈનાં આ બહેન અમદાવાદના પોતાના ઘરમાં લગભગ સીઆઈડીના જાપ્તામાં નજરકેદ રહ્યાં!

haridesai@gmail.com

નવા ૨૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવોલમાંથી એક ૬૭ વર્ષીય પુરૂષ, ૬૦ વર્ષીય પુરૂષ, ૩૭ વર્ષીય પુરૂષ, ૭૫ વર્ષીય પુરૂષ અને ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

વાવોલ પેથાપુર ઉપરાંત અડાલજમાંથી પણ આજે વધુ ૧ કેસ મળ્યો છે. ભાટ, જાખોરામાંથી પણ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત મોટા ચિલોડામાંથી પણ એક મહિલા દર્દી મળેલ છે. રાંદેસણ, સરગાસણ, સુઘડમાંથી પણ કેસ મળી આવેલ છે. આ બધાજ ગામો તાજેતરમાં મહાનગરપાલિકાની હદમાં અડાલજ સિવાયના સમાવવામાં આવ્યા છે. આ વિસ્તારમાં સઘન આરોગ્યની સેવાઓ કરવાની વારંવારની રજુઆતો પછી પણ તંત્રએ દાખવેલી ઉદાસીનતાને પગલે લોકોમાં નિરાશા અને ભયની લાગણી જોવા મળી રહી છે.

દહેગામમાંથી આજે વધુ એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યો છે. કેશરાજીના મુવાડા ગામેથી એક ૧૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાંથી આજે વધુ ૪ કેસ મળ્યા છે. જેમાં નારદીપુરમાંથી ૪થો કેસ મળી આવ્ય છે તો પલાસણામાંથી એક અને અર્બન વિસ્તારમાંથી બે કેસ મળ્યા છે. માણસા અર્બન વિસ્તારમાંથી પણ ધીમી ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવેલ છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં હાલ ૨૪,૬૯૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૪,૫૩૮ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૮૨ લોકો સરકારી પેસીલીટી સેન્ટરમાં અને ૭૭ લોકો પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જિલ્લામાં આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૮૭ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

અનુભવની અછત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના તંત્ર દ્વારા મોનીટરીંગ માટે અધિકારીઓની નિમણુંક અને રોજબરોજની સેવાઓ પ્રસ્થાપિત થાય તે અંગે કારકુનોની નિયુક્તી કરવા સિવાય કોઈ જ નક્કર કામગીરી હાથ ધરાઈ નથી તેથી વિસ્તાર વૃદ્ધિનો રાજકીય લાભ લેવાની સરકારની દાનત ખોરૂ ટોપરૂ નીકળ્યા જેવી થશે.

મનપાની ક્ષમતા આર્થિક રીતે પણ સક્ષમ નથી તેમજ વહીવટીય અનુભવની અછત જે રીતે જોવા મળી રહી છે તેનાથી સરકારને પણ હવે સાપે સસુંદર ગળ્યો હોય તેવી અનુભૂતિ થઈ રહી છે. અમદાવાદમાં ભેળવવામાં આવેલ ચિલોડા વિસ્તારનો ચાર્જ એ.એમ.સી.એ સંભાળી લીધો છે એટલુ જ નહિ ત્યાં સેવાનો પણ આરંભ કરી દીધો છે. જ્યારે ગાંધીનગર મનપા હજુ પા પા પગલી પણ પાડી શકેલ નથી.

૬ કેસ નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજ વિસ્તારમાંથી એક યુવા દંત ચિકિત્સકનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ તબીબ ખાનગી પ્રેકટીસ કરતા હોવાનું જાણવા મળેલ છે.

આ તબીબને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેમના પરિવારના એક સભ્યને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરના પ્રવેશદ્વાર ગણાતા ઈન્ફોસીટીની ટાઉનશીપમાંથી આજે એક જ દિવસે બે કેસ નીકળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ઈન્ફોસીટી ટાઉનસીપમાંથી માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૮ વર્ષીય મહિલા અને ૧૮ વર્ષીય પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તે ગ્રાહ્ય રાખેલ છે.

આજે નોંધાયેલા ૬ કેસમાંથી ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જ્યારે ૩ દર્દીઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરના આરોગ્યતંત્રએ દાવો કર્યો છે શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે તે ચિંતાજનક જરૂર છે પણ રિકવરી રેટ સારો છે. શહેરમાં હાલ ૪૫૦ જેટલા લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

બેઠક મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાકક્ષાએ કરવાના થતા કામો સહિતના મુદ્દાઓ આ બેઠકમાં ચર્ચામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર અને અમદાવાદ મહાનગરપાલિકામાં જિલ્લાના ૧૯ ગામ તેમજ ૧ નગરપાલિકાને ભેળવી દેવાના સરકારના મહત્વના નિર્ણય પછી આ પ્રથમ બેઠક મળી રહી છે તેમાં અન્યાયના મુદ્દાઓ ઉપસ્થિત કરી અને બેઠક તોફાની બને તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

જો કે બન્ને પક્ષો આ બેઠકને જાહેરમાં રૂટીન બેઠક ગણાવી રહ્યા છે પરંતુ અંદર ખાનગી રીતે બન્ને પક્ષોએ બેઠકને લઈ અલગ અલગ રણનીતિઓ તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે. ૧૦ થી વધુ પ્રશ્નો સભ્યોએ આ બેઠકમાં રજુ કર્યા છે એટલે પ્રશ્નોત્તરીના સમયથી જ બેઠકમાં ઉત્તેજનાઓ જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે.

ટ્રાન્સમિશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડૉ. મોંગાનું આ નિવેદન ખૂબ જ મહત્વનું છે કારણ કે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય સતત એમ જ કહી રહ્યું છે કે અત્યાર સુધીમાં ભારતમાં કોરોના વાયરસનું કોમ્યુનિટી સ્પ્રેડિંગ શરૂ નથી થયું. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આ દાવાને અનેક હેલ્થ એક્સપટ?ર્સે પણ પડકારેલો છે. આ સાથે જ કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા મામલે ભારત વિશ્વમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. અમેરિકા અને બ્રાઝિલ બાદ ભારતમાં કોરોનાના દર્દીઓની સંખ્યા સૌથી વધારે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શનિવારે બહાર પાડેલા આંકડાઓ પ્રમાણે ભારતમાં અત્યાર સુધીમાં ૧૦,૩૮,૭૧૬ લોકો કોરોનાની લપેટમાં આવી ગયા છે અને તે પૈકીના ૨૬,૨૭૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ઉપરાંત તેમાંથી ૬,૫૩,૭૫૧ લોકો સારવારના કારણે સાજા થઈ ગયા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

વિરોધાભાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા તો મોતની સંખ્યા ૫૦ હજાર હતી, પરંતુ ભારતમાં ૧૦ લાખ કેસો પછી મોતનો આંકડો ૨૫૦૦૦થી ઉપર છે. ભારત સરકાર એક તરફી નિવેદન આપી રહી છે કે અન્ય દેશોની તુલનામાં ભારત સારું કામ કરી રહ્યો છે. પરંતુ દેશના ગ્રામીણ વિસ્તારોમાં મોટી વસ્તી વગર આરોગ્ય સુવિધા સાથે રહે છે અને એ લોકોને ટેસ્ટ સુવિધા મળવાની શક્યતા ખૂબ ઓછી છે. એ વાતના ખૂબ સંકેત મળી રહ્યા છે કે કોરોનાથી થનાર કેટલાય મોતની નોંધ થતી નથી અને ભારત પર કેપિટા ટેસ્ટિંગ રેટ પણ ઓછો જ છે. રશિયામાં ૭.૫ લાખ કેસ છતાં મોતના આંકડો ૧૨ હજાર હોવા પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે. જ્યારે, ભારતમાં મોતના આંકડા ઓછો હોવા પાછળ ટીબી રસી, વાયરસના ઓછા ઘાતક સ્ટ્રેન હોવાની ઉપસ્થિતિ, જીનેટિક અને ઈમ્યૂનિટી ફેક્ટર પણ મુખ્ય કારણ માનવામાં આવે છે. પરંતુ અમેરિકી અખબારના એક્સપર્ટનું કહેવું છે કે આવી થિયરીઓ છે જેના હજુ સુધી કોઈ પુરાવા મળ્યા નથી. ટોરન્ટો યુનિવર્સિટીમાં ચેપી રોગ વિભાગના પ્રભાત ઝાનું કહેવું છે કે મહામારી રોકવાનો એક જ રસ્તો છે કે આપણી વિશ્વસનીય આંકડા હોવા જોઈએ, પરંતુ કોરોના વાયરસની બીમારીના આંકડા યોગ્ય રીતે એકત્ર કરવામાં આવતા નથી.

ઘેરી ચિંતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ આંકડા અનુસાર, દેશમાં હાલમાં ૩ લાખ ૭૩ હજાર ૩૭૯ દર્દીઓ સારવાર હેઠળ છે. સૌથી વધુ એક્ટિવ કેસ મહારાષ્ટ્રમાં છે. મહારાષ્ટ્રમાં ૯૩ હજાર